# જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૦/૨૦૨૩,
તા. ૨/૬/૨૦૨૩

હું, પ્રેમ વીર સિંહ, IPS, ઇ/ચા. પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આવેલ વેજલપુર રેલ્વે સ્ટેશન પાસેના ઉમાસત અંડરબ્રીજની ટ્રાફિક સમસ્યા નિવારવા અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ-બોટાદ રેલ્વે લાઇનની તાજેતરમાં ગેજ રૂપાંતરની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. જે દરમિયાન વેજલપુર રેલ્વે સ્ટેશન પાસે રેલ્વે ફાટક બંધ કરી ઉમાસુત સોસાયટી પાસે અંડરબ્રિજ બનાવવામાં આવેલ છે. આ અંડરબ્રિજના ઉમાસુત સોસાયટી તરફના એન્ટ્રી પોઇન્ટ ખુબ જ સાંકડા હોવાથી ફોર વ્હીલ અને ભારે વાહનો સરળતાથી ડાબી બાજુ યુ-ટર્ન લઇ શકતા નથી. જેના કારણે ટ્રાફિકની સમસ્યા ઉદભવી રહેલ છે. જે ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે ઉમાસત અંડરબ્રિજમાંથી પસાર થતા વાહનો પૈકી ફક્ત ટ્રી-ચક્રીય વાહનો માટે પ્રવેશ ચાલુ રાખી અન્ય વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

| અનં. | દ્રી-ચક્રીય વાહન સિવાયના તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | અમદાવાદ ગાંધીગ્રામ બોટાદ રેલ્વે લાઇન ઉપરના વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે લેવલ ક્રોસિંગ નંબર ૨૦ પરના 'રેલ્વે અંડરપાસ' ના ઓમકારેશ્વર એપાર્ટમેન્ટ એન્ટ્રી-એક્ઝીટ પોઇન્ટ થી ઉમાસત સોસાયટી એન્ટ્રી-એક્ઝીટ પોઇન્ટ સુધી આશરે ૫૦-મીટર જેટલું અંતર. | **૧.** વેજલપુર બુટ ભવાની મંદિરથી વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીંગ થી અભિનંદન પાર્ક સોસાયટી થી આર.જે.પી. હાઉસ થઇ આનંદનગર ૧૦૦ ફુટ રોડ રાહુલ ટાવર ચાર રસ્તા થી અવર-જવર કરી શકાશે.<br>**૨.** વસ્ત્રાપુર ક્રોસીંગ થી રેલ્વે પાટાની સમાંતરે બન્ને બાજુના સર્વિસ રોડથી શ્યામાપ્રસાદ મુખર્જી ઓવરબ્રિજ (જીવરાજ ઓવરબ્રિજ) થી અવર-જવર કરી શકાશે.<br>**૩.** વેજલપુર બુટ ભવાની મંદિરથી બળીયાદેવ મંદિર થઇ અમદાવાદ ગ્રામ્ય હેડક્વાટર ચાર રસ્તાથી મકરબા ટોરેન્ટ રેલ્વે ક્રોસિંગ થઇ કૃષ્ણધામ ઔડા આવાસથી આનંદનગર પ્રહલાદનગર તરફ અવર-જવર કરી શકાશે. |

**અપવાદ :** ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને આ જાહેરનામું લાગું પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા. 3 /૬/૨૦૨૩ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો

ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨ /૬/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨ /૬/૨૦૨૩
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

( પ્રેમ વીર સિંહ )
ઇ/ચા.પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઇન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઇન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઇન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઇન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઇન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.